ચીતોડના રાણા

પૃથુરાજ અને તારામતી નાટકનાં ગાયનો.

રચી પ્રસિદ્ધ કરનાર

મોતીચંદ વિ. શામજી માધાણી.

મોરબી નીવાસી.

આવૃતી પહેલી.

નડીઆદ—સત્યસાગર પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૪૭—સને ૧૮૯૧

કીમત બે આના.

૪૫૭૮

× ચીતોડના રાણા

પૃથુરાજ અને તારામતી નાટકનાં ગાયનો.

રચી પ્રસિદ્ધ કરનાર

મોતીચંદ વિ. શામજી માધાણી.
મોરબી નીવાસી.

આવૃતી પહેલી.

નડીઆદ—સત્યસાગર પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૪૭—સને ૧૮૯૧

કીમત બે આના.

૪૭૭૯

પૃથુરાજ અને તારામતી નાટકનાં ગાયનો.

ઇશ્વરસ્તુતિ.

મંગળાચરણ.

સર્વપાત્રો— એમનકલ્યાણ.

અમાપ શકતી ધારનાર, પ્રણુતનો તું પાળનાર;
કુમતીનો કાપનાર, સૂગતી વધારનાર. અમાપ૦
પ્રણામી હસ્ત જોડી દ્વય, અજર કર તું પાપ ક્ષય;
ભકતનો તું તારનાર, પ્રણુતનો તું પાળનાર. અમાપ૦
વર્ણવી શું તારાં કામ, વાસ તારો ઠામો ઠામ;
અગમ નીગમ જાણુનાર, પ્રણુતનો તું પાળનાર. અમાપ૦
પ્રબળ બુદ્ધિ તેજ તાપ, સદા તું શાંતી સુખ આપ;
ધ્રશ વિઘ્નને વિદાર, પ્રણુતનો તું પાળનાર. અમાપ૦
રસનાએ રસ દે તું આજ, ભજવી ખેલ સૂરતાજ;
પાત્રો વંદી વારંવાર, પ્રણુતનો તું પાળનાર. અમાપ૦

નટી— ઝીંઝોટી દાદરો.

પાવન પ્રમદા પ્રમાણુ, શીયળ શુદ્ધ પાળે;
જગ્ગ જશ લીધો બાળા, શીયળ વૃત પાળે. પાવન૦

વનીતા ભૂષણ વાલું એછે, કલંક ફૂળ ખાળે;
શીયળ સુખ આપનાર, કંકુ ચાંલ્લો ભાળે. પાવન૦
શાણી સુંદરી સગય, સુબોધ વાતે ગાળે;
સતીને શીશ નાગતાંરે, સંકટ આવ્ય બાળે. પાવન૦

સુત્રધાર— કલ્યાણ.

કાંતા ઉત્તગ ગાયન તુજ સુણીરી— એ ટેક.
આનહદ કામા થયો છું રંજન, નહી વર્ણન કરી શકું રતી;
પ્રસન્નકર્યાં તેં આર્ય વીદ્વજન, થઇ ભાગા તવ રતી છતી કાંતા૦

રાયમલ—સરકાર રજા દીજીએ એ રાહ.

શુણુ સચીવ વર્ણવે તું, સ્થાતી રાજની;
શી વ્યવસ્થાછે.કહે તું, રાજ કાજની. શુણુ૦
રાજ તંત્ર બાંધ્યા, તે પ્રગાણે વર્તતા;
હુકગતુ આપગાન કરતા. કોણુ કહે યથા. શુણુ૦
સંપ કે કુસંપ છે, ગારી પ્રજા ગહી;
સુખી કે દુઃખી છે પ્રજા, આજ કહે સહી. શુણુ૦

પ્રધાન— સદર.

ગહારાજ આપ રાજયની, સ્થીતિ હું વર્ણવું;
ન્યાયની રીતી પ્રગાણે. સત્ય દાખવું. ગહારાજ૦
હાલ આપ રાજયગાં, નથી નવા જુની;
આદલ ન્યાય આપનો, જયાં આંચ ના ઉની, ગહારાજ૦
નીતી શાસ્ત્ર જ્ઞાન, સર્વદા બધે થતું.
પુરાણુ ભાગવત કથા, સત્ય ગાનતું; ગહારાજ૦
કેળવણી પ્રકાશ ગગ, બાળા ઓપતી;

ભર્ત જ્ઞાન, વિદ્યા જ્ઞાન, નીતીમાં વૃતો. મહારાજ૦
નૃપ આપ ભાગ્યશાળી, છે પ્રજા સુખી;
અનીતી દ્વાર પાસ, પ્રજા ના કદી ઢુકી. મહારાજ૦

રાયમલ— શીખરિણી છંદ.

પ્રધાના હે પ્યારા, શુંય થયું કહે તે સિંહ તણું;
ગયાતા શૂરાઓ, ગનન થકિ જાણું નકિ હણ્યું.
નહી તો નાદાની, રજપુત તણું સૌ નુર ગયું;
કદી આતું મેણું, શુરવિર જનોએ નથિ સહ્યું.

પ્રધાન— ઈંદ્રસભાની ઢબ.

ભુપતિ આપ સૈન્ય તો, વીજય પામીયું;
વડીલના પ્રતાપથી, યશાબ્ધી જામીયું. ભુપતી૦
નૃપ સિંહ કેશરી છે, સૌ શીશોદીયા;
સીંહને હણીને, સૌકો પાછા આવ્યા. ભુપતી૦
આપના તનુ જે, શુર બહુ બતાવીયું;
નુર શુર પુર્વજો, તણું પ્રકાશીયું. ભુપતી૦
શીસોદીયાના આસ્યે, કીર્તી સુર શોભતો;
જેથી ઝંખવાઈ અરી, સઘ યોભતો.

રાયમલ— ક્ષત્રી કલંક એ રાહ.

અરે આતે કેવો પુત્ર કુલાંગાર,
વડીલ નામ વણસાડયું રે;
હાય માર્યો મુને શર્મ રૂપી માર. વડીલ૦
હાય હાય લાવ્યો બીરૂ તું વિચાર વડીલ૦
ધીક ધીક હતૂ શુર ક્ષત્રી બાળ વડીલ૦

શુરા રણે વીચરીને રાખે રંગ — વડીલ૦
જેના યુધ્ધ માટે નીરમ્યાં છે અંગ — વડીલ૦
મહાભારત જો હતો આમાં જંગ — વડીલ૦
ડર ધર્યો હાય નામરદ અંગ — વડીલ૦
નીચ નફ્ટ ઘટાડયું કુળ નુર — વડીલ૦
સઘ ચાલ્યો જાય આ પુરીથી દુર — વડીલ૦

પૃથુરાજ— અધણીચ મહોબત એ રાહ.

કોપ પીતા પ્રીય આવડો, શીદ કરો રવીકુળ ભાણુ;
હાંરે છોરૂ પરે (૨) સ્યા વીજવત્ વચનજ બાણુ. — કોપ૦
શું દીઠો વાંક (૨) હે તાત મુજ શીર છત્ર
કોપ એકાએક શું કરો, હું દીન બાળપર આત્ર
નથી વાંક મારો (૨) કરો ખ્યાલ રાજ સુજાણુ. — કોપ૦
આ વચન બાણુ (૨) મેરૂ સમ મુજને જણાય
કલંક રહીત આ બાળથી, કો શી રીતે સહેવાય.
હું સુત લક્ષણો (૨) છાપ નીચ નીરવાણુ. — કોપ૦

પૃથુરાજ— તુ મને કુમલાજી યરવા એ રાહ.

આ સ્યા બાણુ વચનના, હો પીતા પ્યારા. — આસ્યા
શીર કીરીટ શીદ મુજને સંતાપો, હોંશ ઉડયા વદનના. — હો૦
કીંચીત્ત દોષ ન મારો પીતાજી, વ્રથા દુભાવો તનના. — હો૦
કાળા કલંકથી હ્રદય બળેછે, ભડકા અંતર હુતાસનના. — હો૦
કોતો તજું હું નગરી તમારી, ભોગ ભોગવશું કરમના. — હો૦

સાહ.

તજુંછું આજે દેશને, પીતા કરી પ્રણામ. — એ ટેક.

વનની હું નવ ચીંતા વેઠું, પણ મોટું છે શૂળ;
શૂળ એ કલંકછે, જે મૂખ કરે શ્યામ. તજુંછું૰
હુંતો દોષ હીણુછું, પણ તમને ભાસ્યો દોષ.
ઉઠાવું સજા આપની, ના ચીંત્તા છે તમામ. તજુંછું૰
પ્રાશન ફળ ફુલ કરી, કાઢશું રે દીન;
વીકટ પંથ અરણ્યના, સેલા ગણું આ ઠામ. તજુંછું૰
હું શીશોદી બાળછું, ભુલું ન કોદી ભાન;
સંભારૂંછું વડીલને, શોભાવ્યા નામ ઠામ. તજુંછું૰
દોષ મુક્ત કરીએ પીતા, કરી કસોટીને
નહીતો વેગે વાટ લઉ, કરૂં ના હવે વીશ્રામ. તજુંછું૰
સુંદીર મંદીર મેં બરાબર, ભોગવ્યાં નથી;
લઘુ વયમાં દેશ પાર, કરો પીતાશું આમ. તજુંછું૰
ભુમી હે મેવાડ મયા, કરૂં તારો ત્યાગ;
જન્મ ભુમી પ્રેમથી, લેજે મારા પ્રણામ. તજુંછું૰

પૃથુરાજ— મરાઠી ચાલની સાખી.

વડીલ આજે સજા ઉઠાવું, પીતું વચન નકી માની;
શીરપર મુકો આરોપ ખોટો, કુળ કલંકની નીશાની.
વડીલ વચનને વશ થયોછું, જો કે નકી હું છું સાચો;
કનક કુળમાં કથીર નોયે, દીન વચન શીદ જાચો.
કૂલીન ઘરમાં અવતરી પીતા, સુખ કાંઇ નથી માણ્યો;
રાજ ગૃહે દીધો જન્મ પ્રભુએ, રાજ સુખજ અંત આણ્યો,
સ્તન પય પીતું બાળક હોયે, કોઈ કસાઇ વછોડે;
તેમજ પીતા મુજને કરોછો, રાજ વિશ્વાસને તોડે.

પ્રભુગી પ્રીતેથી સર્વ સબંધી, જન્મ ભુગી આજ ત્યાગું;
મુક્ત કરોને એળગી પીતા, તવ પ્રસન્ન વર ગાગું.
રાજ કુંવર થઇ દુઃખ શું વેઠુ, ગર્વ એવો નહી આણું;
દીન થઇ જાવું આજે પીતાજી, ભગતો ભીખારી પ્રમાણુ.
પણ શું કરીએ દાખસે કરીએ, મોટા ગહીપે દુઃખ વેઠયા;
વીધીના આંકજ એવા લખેલા, નગરી તજી થઇ છેટા.

જયમલ— **લાવણી.**

સુંદર વન આ દીસે સુખ પ્રદ, તાપ છાંય તરૂ કાપેરે;
વીવીધ જંગલી પુષ્પ ખીલ્યાંછે, શાંતી સમીર શીત આપેરે.
સર ઝર વાપી શોભી રહ્યાંછે, નદી નીર્મળ જળ વ્હેતુંરે;
મરાલ દાદર સરે શોભતા, ગીરી તરૂની કેતુરે.
દુર દ્રષ્ટીથી જોરે નીરખીએ, દેવ દેવીનુ મંદીર છે;
પ્રભુ પ્રભુતા શુંય વર્ણુવી, વન સાનુ કુળ સુંદીર છે.

બીહાગ.

આકાશગાંથી ઉરવશી, આવી અહીં પડી;
વિલોકતાં ખુશાલી, હૃદય માંહે થઇ વડી. આકાશ૦
તુરંગા રૂઢ થઇને ચાલે, શુરી ગહા ગતી;
નીહાળતાં દેવાંગના, મૂદ અંગમાં અતી. આકાશ૦

મુજ ઉપર ગુજરી એ રાહ.

વિધુ વત્ વદન રૂપવંત, ચપળ એ ગોરી;
કાંતરલ નયનની નાર, લીધું ચીત્ત ચોરી.
એ દીસે કુંવરી કોઇ રાજ નર વરની;
છે નાગરી શુરી ધીગાન, કોકીલા સ્વરની.

એ નવીન ગધુનો, યદા અધર રસ પામે;
થાય શાંતી શુધ્ધી શરીર, કામા નલ વામે.

મુજે છોડ ચલા બનજારા.

બોલો બોલોને રાજકુમારી, છો કોની દુહીતા હે નારી
અરે શી રીતે વન આવ્યા. શાણી કોણે તમોને ભુલાવ્યા
કે દશા થઇ દુઃખકારી, બોલો બોલોને રાજકુમારી
જો દશા હોય દુઃખ દેતી, શાણી સુંદરી મુને જણવેથી
ટાળુ સંકટ સાચવું મારી, બોલો બોલોને રાજકુમારી.
પણ અશ્વારૂઢ થઇ આવ્યા, શૌર્ય જોબન ચીન્હ જણાવ્યા,
શુરી આગળા શસ્ત્ર ધરનારી, બોલો બોલોને રાજકુમારી.
અંગ ગૌર કગળ આસ્ય પેખી, રતી ગર્વ વામે રૂપ દેખી;
કાંત્તી સૂરજની હરનારી, બોલો બોલોને રાજકુમારી.
રાજ કન્યા દીસો છો કુંવારી, વળી કુળ કુલીન વીચારી;
કીર્ત્તી રંગ શૂર રાખનારી, બોલો બોલોને રાજકુમારી.
અગ કુળ જુઓને વીચારી, રાજ રાણા ચીતોડ લ્યો ધારી;
થઇ મોહ લીન વૃતી મારી, બોલો બોલોને રાજકુમારી.

તારામતી— તેરી દેખી વફાદારી એ રાહ

શીદ લવે મુને પ્યારી, અજાવત્ હું દીન નારી. શીદ
રાણા રત્ન કૂળ ઉંચ બાળ, નીતી રીત ન્યાળ;
પ્રણુત પ્રતીપાળ, અર્જ લ્યો ધારી.— શીદ
કુમારી છું હું કહું આજ, દૂભાવો ન રાજ;
ક્ષત્રી બાડ તાજ, વદું દુઃખહારી.— શીદ

જયમલ— સુરજ કૂળ એ રાહ.

રજપુત વીર રમ્ય બાળા, સુજ્ઞ સુંદરી;
કુલીન રાજ કુંવરી, રૂપ શૌર્યની ભરી
ગધુર કંઠ મૃદુ વચન, શ્રવણ તો કરી
પ્રીતી લાગી પ્રેગદા, વધુ શું ઉચરી
રમ્ય તનુ હઠ હઠાવે, શીખ દિલ ધરી
રમણી, નગણી, બગણી, પ્રીત જાણે,
તેજ બાણે, થઇ કૃશોદરી— રજપુત.

તારામતી— જલદી લે બાવાજી લોટ એ રાહ.

આગ હે કુગાર રાજ, શીદને દુભાવોરે
શીદને દુભાવો રાણા, દીનને સતાવોરે. આગ
પ્રણુત હું જોડું છું હાથ, તનય રાણા હું અનાથ
કરી દૃષ્ટી કૃપાની હે, કૃપાળુ ના મુઝાવોરે. આગ
કૂળ દીપક ગુણ ખાણ, શુર ધરો કર જયકૃપાણ
રાજ તનુ ત્રીપુંડધારી, ફંદેના ફસાવોરે.— આગ
શરણાગતને શરણ દાતા, જયકર ગુણ કુળ ગવાતા
તો કરી અદૃષ્ય નુર, દુઃખાબ્ધીના ડુબાવોરે— આગ
નરવર છોડી ઘો આ વાત, નીકર આગળા કરતી ઘાત
તેજોગય ભૂપતો અગરતાં, શીદને ઝુરાવોરે. આગ

જયમલ— પ્યારા ભાઈ વધાવુંરે એ રાહ.

પ્યારી દીલને ગમીરે—એ ટેક.

ગનહર પ્રીય મુખ વીધુ સમ, નીરખી અંગે શૂર; પ્યારી.
સુંદરી હો સંગ ચાલો, પ્યાલો પાઓ પ્રેગરસ પૂર;
છબી ચીત્તગાં રગીરે. પ્યારી૦

અધર રસ સુધાવત પીતાં, આનંદ છાયે અંગ પ્યારી.
વનીતા ચાલો વેલી કેલી, કરીલે અનંગ રંગ
દિલે શીદ દમીરે પ્યારી.
મધુ વિના ચીત્ત ભૃગીત ભ્રમર, મળ્યા થકી મહાસૂખ પ્યારી
રજપુત બાળ, ટાળ વીરહ, સુંદરી સ્ત્રી હઠ મૂક
ભ્રમરવત્ ભમીરે પ્યારી

તારામતી— કલ્યાણ.

ખડગ કર ધરૂં, રાજના દિલે ડરૂં એ ટેક.
ક્ષત્રી બાળા શૂરે ઓપતી,
કુકર્મ બીજ નાહી રોપતી;
વીપતકાળ, તારો ટાળ, નહીતો વાવરૂં રાજ૦
યદા ક્ષત્રાણી શુદ્ધ કોપતી,
અજીત તેજ સઘ લોપતી;
ક્ષત્રી બાળ, કર વિચાર, નહીતો ક્ષયકરૂં રાજ૦
શરણુ દાતા પણુ પ્રમાણીને
કલંક હીણુ કૂળ જાણીને
છોડું હું આજ, રાણા રાજ, કહું ખરે ખરૂં
હાં હાં કહુંછું પાધરૂં, જા જા નહી તુને વરૂં રાજ૦

જયમલ—(સ્વગત) રસીલી નારી એ રાહ.

ન્યાળી નેણે મેં નારી રૂપાળી, કામની તન તેજ બાણુજ વાગ્યું
વિધુ વદનની પુરી પદમણી, વાલપ ઉપજે ન્યાળતાં નમણી
હંસવત્ રમા ગંદજ ગમની, મોહનીપર તો ચીતડું લાગ્યું
કામની૦

કમલ નયની સુંદર કાંત્તી, દર્પણમે રતી એમાં ન ભ્રાંતી
સુધાવેલી શામા આપ તું શાંતી, મોહ નદીમાં માનની પાણું
કામની૦

હંસણી વામા કનક અંગી, કોમળ વચને થયોછું રંગી
મોહ લતા પ્રેમ રસનો સંગી, કામ પ્રજળથી દીલમાં દાઝું.
કામની૦

ચપળ નેત્રો કમાન વાળી, કરે પુરૂષ વશ કામા રૂપાળી
કેલી કરી વીરહ વન્હીને ટાળી, પ્રીત થકી પરી રંભણુ માગું.
કામની૦

મોરી અંખીઆ ફરકન લાગી એ રાહ.

વરવી વીર રમણી એ રાજ સુતા
શૂર નૂર અનુપમ, એ વનીતા વરવી૦
નેન કટારી, મારી એ નારી
પામું હું સૂખ, સંયોગ થતાં વરવી૦
અમૃત ભાર્યા, રંગીલી ખારી
રંગે રમું હું, રૂપની સરીતા વરવી૦
કમલ નયની, મુર્ત્તી વીજયની
તેજે તપ્યોછું, ચંદ્રમુખી વનીતા વરવી૦
તન મન મારૂં, એને વિચારૂં
ઘર દીપક શ્યામા, સૌખ્ય લતા વરવી૦
ચંપક વરણી, પ્રેમથી પરણી
વખ્ત આપે, એવો જગત પીતા. વરવી૦

તારામતી—(સ્વગત) શું ઘેનમાં ઘેરાયો. એ રાહ

આ જગતમાં જનમી જનો, કેવાં કરે છે કામ;
કોઈ રાજ્ય ભક્ત થાયે, કો નીમક હરામ. આ૦
કોઈ ભકતી લીન થાયે, કોઈ ભકતી હીણ;
આ એમને એમ વીતતાંછે, જાણો આઠે જામ. આ૦
મૃન્મય કુંભવત્ કાયા, જાણતા નથી
ટાળવા રંગ કીર્ત્તીનો, રાખેછે કામ ગામ. આ૦

દાસી— ઇંદ્રસભાની ગજલ.

આજ બાઇ આપશું; દીસો વિચાર લીન;
સ્મૃતી આવી વીતીત વ્યથા, કે છે કો નવીન.
આસ્ય પર ઉદાસ્ય રહી, એ ઉચાટ ચીન્હ;
શોચ શીદ કરીએ શાણી, થાય અંગ ક્ષીણ.
ઉતમ માનવીનો ધર્મ, સમય અનુસરી;
વર્ત્તવું સદાય, શાસ્ત્ર શીખને ધરી.

તારામતી— આલીરી તેરો મદન એ રાહ.

ઉદાસી છું ન હો (૨) સખીરી સુણની મારી વાત
હેયું હાથ, રાખી દાસી પ્યારી, ઉદાસીવ
વન વિષે ગયતી આજ, કૌતુક બન્યું ત્યાંજ
કહું ઉચારી હો સખીરી
કૌતુક એ કલંક દેજ, ક્ષત્રી નવ સહેજ
જો વિચારી હો સખીરી
કલંક લાગે ક્ષત્રી કુળે, કીર્ત્તી તેજ ડુલે
લે તુ ધારી હો સખીરી
કાળું કલંક આજ ખાળ્યું, ભવનું મેણું ટાળ્યું

દાસી પ્યારી હો સખીરી

મદનરાગણી—ડોલેરે જોબન મદગાતી ગુજરીયાં એ રાહ

ધન્ય રાજ કુંવરી છો રત્ન રાવ કુળે
કુલીન કુમારી શાણી, કોણ આપ તુલ્યે. ધન્ય૦
સાચવ્યું શીયળ શુદ્ધ વાવરી ખડગને;
ગૃહને દીપાવો, મળે નહી મહા મૂલ્યે. ધન્ય૦
ઉત્તમ ગણીએ નારી, ખાળ્યું છે કલંકને;
જમાગર્દ મોટા ભૂપ, તેજ તાપે ડુલે. ધન્ય૦
કળ બળમાં નીપુણ, વીક્રમી છો બાળા;
અનુપ છબી કુમારી, ધર્મ નવ ભૂલે. ધન્ય૦

તારામતી— રાગ

વાવરી નથીરે દાસી પ્યારી મેં અસી
શરણ દાતા જાણીને, દયા દિલે વસી. વાવરી૦
યુધ્ધ વેશ ધારી અંગ, મનમાં ધરી ઉમંગ;
સેવા વનહવા રંગ, સ્વારી કરતી,તુરંગપરતી હુંતોહસી.વાવરી૦
નર ત્યાં નજરે પડયો, રાજ બીજ અશ્વ ચડયો
કામ રીપુ એને નડયો, મોહ લીન થયો વડો
હું એને દીલે વસી વાવરી૦
હુંતો ત્યાંથી મઈ ચાલી, મોહ લીન નર ન્યાળી
વાંસે આવ્યો ભય ટાળી, કહે પાને પ્રેમ પ્યાલી
અસી ધારી હું ધસી. વાવરી૦
અસી થકી એહ બીધો, લાચાર થયો એ સીધો
મૂજ શીખ રસ પીધો, ઘરનો મારગ લીધો

શીખ કેવી દીસ ઠસી. ચાવરીઠે

સુરતનસિંહ— સોયણીની ગજલ.

રાજ સૂખ હાર્યા હાય, શી અમારી આ દશા;
શું કથું કરગ ઘાત, સંભારૂં શું વીતી વાત
રાજ ગહોલ ત્યાગીને, પરાશ્રમે આવી વસ્યા. રાજ
રાજ રાણીનો વિલાસ, ખોયું સૂખ દાસી દાસ
સ્યંદન, હય, ગજ ગયા, લલાટેથી સૂખો ખસ્યા. રાજ
દોષ દેવો કોને આગાં, કરમ દોષ જીવ ગાગાં
હાય અરી અમારા હસ્યા, શી અગારી આ દશા. રાજ

લાજ તું રખલે ભાવાની એ રાહ

પધાર્યા આજ રાજ રાણા, ચીન્હ મંગળ ભગ દરશાણા
લવવંશરથ વીજી ગીષુ, સીંહનું બાળ રાણા શીશુ
સૂરજવંશી રાજ બીજ છો, અકલ શૂર અનુપ
રવી રૂપ છો રવી કૂળમાં, અનગી છો ભડ ભૂપ
ભર્તભૂગીમાં વખણાણા. ચીન્હ મંગળ ભાગ દરશાણા. પધાર્યા.
જગાગર્દ ગહીપ મુંઝવો, યુધ્ધે સીંહ તદરૂપ
કેવળ કીર્તી રંગ સોભો છો, શીશોદીયા ગુણ કુપ
કથી શું ગુણ રાજ શાણા, ચીન્હ મંગળ ભગ દરશાણા પધાર્યા.

ગીતિ.

શા કારણથી આવ્યા, મૂજ ઘેર તો આજ રાજ રાણા;
કૃપા દૃષ્ટિ તો આજે, કરી હું પરે ગહીપ તન શાણા.

જયમલ— તુગને મેરી લાસકી એ રાહ

ઉમેદથી આવ્યો છું આજ, રાવ તગ કને

લાલસાછે એક મન વિષે, અહો મૂને. ઉમેદથી
દુહીતા રત્ત તત્ર ગૃહે છે, એક ઓપતી
શીયળ રૂપી ભૂષણ ધારયું, બાળા શોભતી. ઉમેદથી
વીરમતી તારામતી શુદ્ધ શીળવતી
વાક પટુતા નીપુણ, પૂરી શુદ્ધમતી. ઉમેદથી.
કીધી છે કસોટી વત્ત, ધર્મ અનુસરી
ભાગ્ય પીતા જાણો, જેને ઘેર અવતરી. ઉમેદથી

જયમલ— રાગ.

કબુલ કરૂં બોલ્યા આપ વાણી
બોલ્યા આપ વાણી ઉચીત્ત જાણી કબૂલ
ક્ષત્રી પુત્ર કહો કેમ ડરશે, જય ખડગ ને કરજ ધરશે
જંગ ગયાની મનમાં ઠરશે ડરશે, ધરશે, ઠરશે. ઉચીત્ત
જય અસી આ રીપુજ દળશે, આબાદ કીર્ત્તી મુજને મળશે
પ્રશ કૃપાએ ઈચ્છા ફળશે; દળશે, મળશે, ફળશે. ઉચીત્ત
જય્ઠ ટોડાને જીતી હું આપું, પઠાણ દુશમન અસીથી કાપું
આણ ફેરવી નૃપ તવ થાપુ, આપુ, કાપું, થાપું ઉચીત્ત
હજુ અગારી અસી જય પામી, શાશીદીયા તનછે જશ નામી
તારા મેળવું ઉદવેગ વામી, પામી, નામી, વામી. ઉચીત્ત

જયમલ—(સ્વગત) સોરઠો ગજલ.

હાય હાય હાર્યો હું જંગમાં, ધોયે મોઢે આવ્યો હુંતો ફરી
કીર્ત્તીવંત શુર શીશોદીયા, ખ્યાત અડગ ટેક થકી થયા
જુએ સીંહવત્ રણે શૂરા, રાણા રત્ન જય મુત્તી ખરી. હાય૦
અનગી શીવ ભક્ત રાણા ગણી, રતીવંત ભર્ત્ત ભૂગી ગણી

ક્ષત્રી સૂર્યં વંશ વીભૂષણ, પાણી ગયાં મુછનાં ઉતરી. હાય૦
સૂર્ય કીર્ત્તી તણો પ્રકાશતો, હાર્યો યુધ્ધે તેથી અસ્ત થતો
આંચલાગી રાણા કુળ આગરૂ, જગતે જીવી હવે નહી ઠરી
આતો સંકટ મુને ચડયું મોટું, ચીત્ત ચોર વર્ણીપરે ચોંટયું
આજ સાંપકૂળ થશો હરી, અર્પો ઈશ મોહની સુંદરી. હાય૦

ખમાચ.

હરીણાક્ષી વનીતાય, રૂપ શું રે કથ્યું જાય
દેખી દીલ હરખાય, મધુરી મુરતી
સોનાજેવી સોહે કાય, દીલ તો ડળકે. હરીણાક્ષી૦
ચંદા ન્યાળી વીર બાળ, ફસાયો હું મોહજાળ
સમાગમ મૂક કાળ, પ્રભુ તું આરપે
જોઈ ઉપજતો વ્હાલ, મુખડું મલકે. હરીણાક્ષી૦
વીધુ મુખી રાજ બાળ, મૃદુ વાણી સકુમાર
સુણી હર્ષ પારાવાર, અંગમાં ઉપજે
હાય કામ મારે માર, કાંત્તી તો ઝળકે. હરીણાક્ષી૦
રમા અંગ મરોડ, જોઇ ઇચ્છું મગજોડ
એમ થાયે પુરા કોડ, નહી મારા થશે
જેમાં નથી કશી ખોડ, ચખ તો ચળકે. હરીણાક્ષી૦

આશા ગોડી.

રંગ ભરી વીર રામા, મનોહર રંગ ભરી વીર રામા
અંગ બધાં તો ઝળકી રહ્યાંછે, સોળ વરષની શામા. મનોહર
લચક લચક ચાલ રમણી ચાલે, કામ જગાવે કામા. મનોહર
ચળક ચળક તો નેત્રજ થાયે, ભાન ભુલાવે ભામા. મનોહર

કટાક્ષ બાણે નર લલચાવે, મોટા મુની મોહ પામ્યા. મનોહર
ઉત્સુક દીસછે મળવા એને, ધીરજ શાંતીને વામ્યા. મનોહર

સીંયાનોકનરો.

કહો કોને રાગા, નહી લલચાવે
મુનીવર મોટા, ઢીલ ડગાવે કહો
હંસણી રાગા, ગજ ગમની તો;
બહુ જનને, રૂપથીજ રગાવે. કહો
ભૂ સાગી, દૃષ્ટી રાખતી રંભા;
અંગ મરોડે, બહુ મન ભાવે. કહો
કટાક્ષ શરથી, વશ કરે નર;
થનગન થનગન, મર્દ નચાવે. કહો

સર્વસખીઓ— રાસડો.

ચાલો ચાલો સાહેલી શંભુ પુજીરે
નીતી, શીયળ રીતી આ સુજી ચાલો
ચીહ રૂપ પન્નંગર ત્રાતારે
વીભુ વાંચ્છીત ફળના દાતા ચાલો
અકલ બુદ્ધિ આપે, દેવ સારીરે
નખ શીખ નકી લેજો ધારી ચાલો
પંચાનન ત્રીનેત્ર કૈલાસીરે
મંગળ કર્તા શંકર સૂખરાશી ચાલો
ઉમાકાંત્ત જટાધર સ્વાગીરે
કામારીને નમે શીશ નામી ચાલો

તારામતી— રંગે રમે રઢીઆળી-એ રાહ.

હીતકારી ત્રીનેત્ર શુલ્ય પાણી, ઊમા સ્વામી સ્વયંભુ સુખકારી
કામારી, ધારી લીઓ અંતર દીન વાણી હીતકારી
નીલકંઠ કૈલાસગીરી સ્વામી, બાલે સોહે મયંક ગૂણુ ગામી
અંગ અષ્ટવાળી શીશ નામી, પ્રણુતપાળ, દીન દયાળ, અધજબાળ
સંકટ ટાળ, રહેમ દીલે આણી હીતકારી
સેવ્ય સેવક તણા સાયકારી, અમો હીંકર અર્જ આ ઉચારી
વીશ્વ પતી હૃદય લીઓ ધારી, પંચવદન, ગુણુસદન, રીપુગદન
ભોળા તદન, ધનાજ સેવા જાણી હીતકારી
ભરગધારી પન્નંગર ત્રાતા, શાંતી કર કૃપાળ સુખ શાતા
રૂષી મુની સંધા ગૂણુ ગાતા, એવાનાથ, ગુણુગાથ, ગાઇતાત
તારો હાથ, રાખે હીંકર જાણી હીતકારી

રાગ.

દાસી જોની કોની બુદ્ધિ વણુસી
ગહન ગારથી પીડાતો દીસે ધારરી
નીચ બુદ્ધિ કેની દીલમાં વસી દાસી

જયમલ—માણીગર ગહોલે પધારો એ રાહ.

ક્યાં વસેછે મનોહર નાર, આલીંગન આપ તું પ્યારી
શુંવરણી મુખથી તુજપ્યાર, આલીંગન આપ તું પ્યારી
વલભા તારૂં વદન જોઇ, વળી અક્ષી ચળકાટ
લપટાયો મોહ પાસમાં, વીરહે શાંતીનો વાળ્યો ડાટ આલીં૦

દાસી— **ઠુમરી.**

મન મથ કેરા બાણુથી, પીડાતો રાજરી
મોહ નીધી ડુબેલ આવ્યો, કીડા કાજરી મનમથ

ભેટ લેવા તમારી ધારે, મુખે તાજરી   મનમથ

જયમલ—   મુજે છોડ ચલ મેરી પ્યારી–એ રાહ

ભમુંછું તુજ વિના હે વીરનારી, છેક દશા દુઃખકારી
લલના તું સુલક્ષણી, યુવતી ચંચળ બાળ
મુગ્ધા કોમળ દેહીની, નીરખી ઉપજે વ્હાલ
લેજો ઉર દુઃખ કથા દીલ ધારી   છેક૦
તરૂણી હઠને ત્યાગીને, વરો હમારી સાથ
ખામી છે નહી મુજ વિષે, અંતર સમજો વાત
ક્રીડા કરી ચાલો બનો ઘરનારી   છેક૦

તારામતી—   મેંદી મલકે એ રાહ.

અહો રાજ રાણા, ચતુર શાણા, શીદ આવ્યા અહી
લાજને બાળો, યૌવન બાળો નહી ફરજ થઈ   અહો
હું છું કુંવારી, જુઓ વિચારી, આવું ન ભાખીએ
પધારો પાછા, ક્ષત્રી થૈ સાચા, ટેકજ રાખીએ   અહો
મમ પીતુ પ્યારા, પગલાં તમારાં, જાણે વણસે કાજ
સદ્ય પધારો, ઉચીત ધારો, કુશળ સમજી રાજ   અહો

દાસીઓ—   **કલ્યાણ.**

(હાડાજી શું કરો સાહસ એ રાહ.)

રાણા કુંવર હો મુખે ન બોલી, કરણ અપ્રીય આવી વાણીરે–રાણા
અમૃત કુપમાં વિષ શું ઢોળો, માઠાં ફળ લીઓને પ્રમાણીરે–રાણા
સોંઘણું પયના સહેલું મેળવવું, મેળવતાં નૃપ મહા હાનીરે –રાણા
કુમારી કોને શીદ દુભાવો, શીયળવંતી જે શુદ્ધ શાણીરે –રાણા
હઠ તજી બાળ સ્વ ઘર જાઓ, વીનતી અમારી ઉર જાણીરે–રાણા

તારામતી— ક્ષત્રી કલંકનો રાહ.

અરે મતી મંદ દુષ્ટ ખળરાજ
હીણું શું મૂખ નીચ ભાખોરે એ ટેક
શીદ લોપ કરો લાજ શઠતાજ-હીણું
રાણા રત્ન ધીર વીર ધર્મ રૂપ-હીણું
વિધા નીધી અટંકીછો ગુણ કુપ-હીણું
યાદ કરો રાજકૂળ ઈતીહાસ હીણું
પરાક્રમ રાજ ધર્મનો પ્રકાશ-હીણું
મહી તળ હજુ કીર્તી ચળકાટ-હીણું
જોતાં શીયળ સુનીતી ધર્મ વાટ-હીણું
તેની કીર્તી પર ઘો શું કાળો ડાઘ-હીણું
હંસ કૂળમાં ઉપજે નહી કાગ-હીણું

સુરતનસિંહ— પીલુ.

નરવર શુણો અરજ અમારી, સત્ય હૃદયથી કહું વીરતારી
દીન દુહીતા મુજ ઘર બેઠી, હજુ સુધી રહીછે તે કુંવારી -નર
પુનઃ જે ટોડા મેળવી આપે, સોંપવી તેને સરત એવીધારી-નર
આપ તનુ જે સરત સ્વીકારી, ગયો મેળવવા રચીને સ્વારી-નર
પણ નવજીત્યો હારીજ આવ્યો, લાગ્યો દુભાવવા પુનઃએકુમારી-નર
જુલમ કરતાં એને મેં જોયો, મારી નાંખ્યો અસી મગમારી-નર
દોષીત હુંછું આપનો રાણા, સજા ઉઠાવું આપોને વિચારી-નર

પૃથુરાજ— રૂહેણરૂનસેંતપ્રા એ રાહ.

ગયો શીકાર હાથથી, હું જ્યાં સુધી ન મેળવું
રાજણીજ હું નથીરે, દીલમાંહી એ સમજવું. ગયો૦

ઇક્ષ્વાકુ કૂળસતેજ, આજ સુધી ઓપતુ
શીકાર હાથથી જો જાય, નુર તો ઓછુ થતું. ગયો૦
અનામી કૂળછે હજુએ, વીરગતી હજુ રહી
રાણા કૂળ કલંક લાગે, હાય મેણું કયગ રહી. ગયો૦
જયગક્ષે શીકાર ધાર્યો, અન્ય શું તે મેગત્રે
ટેક છોડુ ના કદાપી, પ્યારો પ્રાણુ રે જવે. ગયો૦
શીકાર સઘ મેળવી, શોભાવું રાણા કૂળને
યવન સંગ હાર્યો ભ્રાત, કાઢું કુળની શૂળને. ગયો૦

દાસીઓ— ધનાશ્રી.

ઉપવન આ સુખદાઇ, નીહાળો બેનો ઉપવન આ સુખદાઈ
વીવીધ રંગના પુષ્પ ખીલ્યાંછે, જોતાં આનંદ રહે છાઇ—નીહા.
મોગરો ડોલર, નવ મલ્લીકા, ચંપો ચમેલી જુઈ જાઈ—નીહા૦
ગુલદાવદીને કેતકી, માલતી, નીરખી આતુર દીલ થાઇ—નીહા૦
આસોપાલવ તગાલ વૃક્ષાદી, સોહે આ ઉપવન ગાંઇ —નીહા૦
ચાલો વીશ્રાંતી લેઇ બેસી ત્યાં, કથી પ્રભુ પ્રભુતાઇ —નીહા૦

તારામતી—તેં તો ઘટગાં ઘર કીધું એ રાહ.

સજની મળ્યા વિના મુજ જોડ, કહો કેમ જવરીરે
ક્ષત્રી બીજ શુરવીરજ હોગે, ધર્મ નીતીનો ગારગ જોયે
લક્ષણુ ભૂપનાં સોહે, શીળ મુત્તી ખરીરે સજની
સકળ ભવનું સુખ દુ:ખ સ્વામી, તદાશોધી પ્રીતગવિણુખાગી
રાજગાળ કોડીલો પાગી, દીલ ઠરીરે સજની
કંથ કૂળ જોઇ સગપણુ કરતું, પીયુ ચર્ણું સેવી દીલ ઠરતું
ઉચીત્ત પગલું ભરવું, દ્રઢ નીશ્ચય કરીરે સજની

દાસી— ચંદા બીના એ રાહ.

જોડી વિના કંથ કરી નહી ઠીક (૨)
જાણો દીલ નીપુણ જનની શીખ — જોડી૦
બાળા નવ બદલાવશો, ગીરીવત્ દૃઢ વિચાર
મનમાનીતો જો મળે, કરીએ સગપણ સાર
ટાળીએ કલેશ તણી મહા બીક — જોડી૦

મદનરાગણી / મધુકારીકા — હમકું છાંડ ચલે બન માધુ—એ રાહ

ઓ રાજબાળા પાલણુહારા, અર્જ અમારી ઉરે ધરોરે — ૨૬
મનહર મૂર્ત નજરે પડગોછે, નીરખી અનુકુળ મગલુંભરોરે—ઓ
બાણુ માયુ છે મનમથે ભારી, શુષ્કવપુ તો સોચે થયુંરે —ઓ
વ્યાકુળતાએ વાસ કીધોછે, નુર વદનનું જાતુ રહ્યુંરે —ઓ
વીવ્હળ ચેહેરો ન્યાળી તમારો, મૂક અમારો મત થયોરે
અંતરમાંહી પાવક જળતો, શંકરારી તો રીપુ રહ્યોરે —ઓ
વીનતી અમારી જાગો કુમારી, કુચ વસન સૌ સરખાં કરોરે
ભાન શું ભૂલ્યાં મદન પીડાએ, જાગૃત થાઓ સોચ હરોરે—ઓ
ક્ષમા કરો આ તસ્દી લીધીછે, સેવા બજાવી ધર્મ ધરીરે
ઉઠો નીહાળો રાજ કોડીલો, શુરી કુમારી રૂપ ભરીરે —ઓ

પૃથુરાજ—(સ્વગત) ધરસેં યાં કોન ખુદાકે એ રાહ

અહો તાત દીનાનાથ દુઃખ ટાલક
સ્વતઃ સીદ્ધ છો, દયાર્દ્ર જગત પાલક — અહો
કૃપા પાત્ર હું છોરૂં તમારૂં નાથ છું
સાહ્ય થાઓ આ વખત હું અનાથ છું — અહો

લખ્યા લેખ જે લલાટ સહ્યાં દુઃખને
હરી શરણુ દાતા અર્પ હવે સૂખને — અહો
ઈચ્છા કરજે મારી નાગ સાથ ભુતનું
સેવું ચર્ણ હું મુરારી, દીન દૂત છું — અહો
ભવ્ય વેદનુર નાથ સુર તન રાવછે
કૂલીન કન્યા તેની વરવા મુને ભાવછે — અહો

તારામતી—માણીગર મહોલે પધારો એ રાહ
બેસો સંગે હે રાજકુમાર, રંગીલા રંગજ દાતા
ધન્ય ગણું મારો અવતાર, રંગીલા રંગજ દાતા
મનોહર મુદ્રા દેખીને, મોહ્યું મારૂં ચીત્ત
વરવા હું આતુર છું, તમ સંગે કોડીલા ખચીત્ત -રંગીલા

પૃથુરાજ— સદર
અગળા અવળા શું બોલો બોલ, વનીતા નહી લલચાવો
રમણી કરો શું ઓછો તોલ, વનીતા નહી લલચાવો
કુમમ બેસું તુજ સંગ હું, જાણું ન તુજ ગૃહ કુળ
વામા એતો નહી બને, યશ કારી કુળે પેસે શુળ — વનીતા૦

તારામતી— સદર.
હઠ ના કરીએ રાજવી, અવળા ન બોલું વેણ
ચીત્ત લાગ્યું છે તમ વિષે, શીદ હરી લીઓ મુજ ચેન-રંગીલા
રાવ કુળની હું બાળછું, નથી નીચ કુળ નાથ
પતી કહુંછું પ્રેમથી, હઠ વીણુ ગૃહો હવે હાથ -રંગીલા૦

પૃથુરાજ— સદર.
પ્રમદા તુજને હું ચહું, પણ ન ગ્રહું તુજ હાથ

છાના લગ્ન કરી નહી, અવળી ચાલે જગતમાં વાત -વનીતા૦

તારામતી— મેવાડો.

શીર છત્ર પતી પૃથુરાજરે, સંગે લેશે સ્વામીનાથ
જળ વિના જેમ મીનછે ને, દોર વીના પતંગ
ધણી વિના દશા ઢોરની, ભેદો ના મારૂં અંગરે સંગે૦
સુર્ય અસ્ત થાતાં પુષ્પ, કમળ શુષ્ક થાય
વાલાના વિયોગથી, બે ચેની દીલમાંયરે સંગે૦
દીન અર્જ આ દાસી કેરી, અંતર લેશો શ્યામ
વિયોગ દુઃખ કાપીને, લ્યો સંગે ધારી હાગરે સંગે૦

પૃથુરાજ— જકાવો સીતગકુ

અહો રાજ બાળા, વીચારોને અંગ
શી રીતે લઈએ, શાણી કહો સંગ
જુવોને વીચારી, કુમારીકા જાત
ક્ષત્રી તણું બીજ, વળી કૂળ ખ્યાત
મરદનું છે યુદ્ધ, સ્રીનું શું ત્યાં કામ
વળું તુર્ત પાછો, વીચારી લ્યો વાગ
મચાવવો મોટો, જઇ મારે જંગ
જોઇ કૂળ ટેક, રાખી રણે રંગ
મોટા યુદ્ધ પાસે, ગણી એને તુચ્છ
લડી રણ ભુમી, રાખી પાણી મુચ્છ
પ્રીયા ટોડા તર્ફ, જવા વિચરૂં
રમા રહો ઘેર, કહ્યુંછું ખરૂં

પૃથુરાજ— વીધીના કામ છે કેવાં-એ રાહ

પ્રીયા લે વચન તું ધારી, લડે તું મૂદથી મનમાં—ટેક
અરી છે આપણો એ તો, ગહ્યાલે મોજ તો લેતો
રીપુ એ તુંને મારી, બહુ છે શુર આ તનમાં પ્રીયા૦

સીંહ જે તાહરાં પીતા, ખુંચવી રોડાની સત્તા
નકી તો વેરરે વાળી, ચડાવી બાણુને ક્ષણુમાં

સખીમંડળ—શાણી સખી તુતો ઉદેપુર ચાલી એ રાહ
ચાલો સખીઓ, રાણા તણા ગુણ ગાવારે
કુંવરીને પ્રીતે ચીત્તે, પૃથુ ભાવ્યારે ચાલો૦
મહારાણા કુંભાજી, પૌત્ર પ્રતાપીરે
નાગી તણી લડાઇ, વીશ્વે વ્યાપીરે ચાલો૦
ત્રીપુરારી ભક્ત રાણા તન ગુણીરે
વ્યાપે શૂર અંગે, ચરીત્ર એના શૂણીરે ચાલો૦

ક્ષત્રી તાજ રાણા, રત્ન વીર જાણીરે
સીંહવત્ શૂરા રણે પરમાણીરે ચાલો૦
શર્ણુ દાતા, ટાળે શરણાગત ભીતીરે
ભારે પગલું જોરે દેખે દ્રગ નીતીરે ચાલો૦
ગુણ ગ્રાહી રાણા રત્ન વીર લેખીરે
વીજીગીષુ, બુદ્ધિશાળી અવરેખીરે ચાલો૦

રાજ બાળા તારામતી શુદ્ધ શાણીરે
પૃથુ ગૃહે હસ્ત એનો હર્ષ આણીરે ચાલો૦
હર્ષ અશ્રુ શ્રવે, ઉત્તમ તક પામ્યેરે
કર ગૃહે પ્રીતી, પરસ્પર જામેરે ચાલો૦

કાલીંગડો.

મંડપ રચ્યો આજરે (૨)
ન્યાળો નેણુથી સાહેલીરે મંડપ૦
ભવ્ય શોભા શી બનેલીરે મંડપ૦
વળી સ્તંભો કીધાં ઉભાં, વાહ દીપ તણી પ્રભા
ખીલી આજ પુરી શોભા, ખુબી ખરી કીધેલીરે મંડપ૦
નવરંગી અત્રે નીરખી, નયન ન્યાળતાં દીલ હરખી
રચના ઈંદ્રપુરી સરખી, બહાર કરે હેલીરે મંડપ૦

નાથ કેસે ગજકો એ—રાહ.

આજ બેની મંગળ દીવસ ગણીએ
ગૃહે તારા હસ્ત, પૃથુ ગુણ ભણીએ આજ૦
વીર પુરૂષ તો કુંવરી પામી, સંકટ શાણીનું ટળીયું
વરમાળા તો આલી આરોપે, સાકર પય સંગ ગળીયું—આજ૦
તારામતી છે શાણી કુમારી, મન ભાવ્યો કંથ મળતાં
મહા સુખ પામી આજે આલીરી, દુઃખ અંતરના ટળતાં આજ૦

કલ્યાણ.

કલ્યાણ તો થજો, કુશળ સૌ હજો
ભર્ત્ત ભુમી ભ્રાત સર્વ વીજય પામજો કલ્યાણ૦
ધીર વીરના લક્ષણ દેશી ભાઈઓમાં પ્રગટાય
વીર ક્ષત્રીના ગુણ કથન નેહે મોતીચંદ ગાય કલ્યાણ૦
કુળ પ્રકાશક વીરગણી, ક્ષત્રીની કથા કથાય
આર્ય ભ્રાત સમક્ષ વખાણ, નાટ્ય રૂપે ભજવાય કલ્યાણ૦
તો તો વિદ્યા વેલ નીરંતર, વધી પામતી જાય

ગત કળાઓ ભર્ત્ત ભુમીની, પુનઃ સજીવન થાય   કલ્યાણ૦
તસ્માત્ સૌ આર્ય બંધુઓ, આર્ય વિદ્યાને ચ્હાઓ
ધર્મ રૂપ સુદક્ષ જનોનાં, લક્ષણમાં સહુ જાઓ   કલ્યાણ૦
ખેલ વીલોકયો ખાંત થકીઆ, કરો દોષને દુર
અવર ખેલમાં પધારવાની, ધરો વીનતી ઉર   કલ્યાણ૦

સમાપ્ત.

જાહેરખબર.

પૃથુરાજ નાટકના ગાયનો જેઓ સાહેબને જોઈતા હોય તેમણે કર્ત્તા પાસેથી શ્રા મી. હીરાચંદ ઝવેરચંદ ટ્રાફીક કલાર્ક પાસેથી રોકડી કીમતે મંગાવી લેવા. આ શીવાય હવે પછી રૂપસુંદરી હરણ નાટકના ગાયન તથા રાણા હકમસીંહ નાટકનાં ગાયનો તથા રાણુસીંહ ગોહીલ નાટકના ગાયનો બહાર પડશે.

મોતીચંદ વી. શામજી માધાણી
માધાણી સ્ટ્રીટ-મોરબી.

નોટીસ.

મારે ત્યાંથી ઘણી જાતના નાટકના ઓપેરા તથા વારતાની ચોપડીઓ મળી શકશે. જેઓને રાખવાની ખુશી હોય તેમણે નીચેને શીરનામે પત્ર લખવો.

મોરબી } S. M. Desai.